# જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક ભરતી (ધો.૧ થી ૫ અને ધો.ડ થી ૮-અન્ય માધ્યમ) અંગેની જાહેરાત વર્ષ:૨૦૧૮-૧૯ (જાહેરાત ક્રમાંક ૧-૨/૨૦૧૮-૧૯) અંગે જરૂરી સૂચનાઅને માહિતી

## શૈક્ષણિક લાયકાત:

❖ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૦-૨૨૩-ક, તા.૨૭/૦૪/૨૦૧૧ ના ઠરાવ તથા તે પછીના તા.૧૪/૦૭/૨૦૧૧, તા.૦૩/૦૫/૨૦૧૨ તથા તા.૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો અન્વયે વિદ્યાસહાયકની લાયકાતો નીચે મુજબ છે.

### ❖ ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬ થી ૮) વિદ્યાસહાયક:

(અ) ગણિત/વિજ્ઞાનના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એસ.સી.

(ગણિત,આંકડાશાસ્ત્ર,ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર,બાયોલોજી,બોટની,ઝુઓલોજી,ભૂસ્તરશાસ્ત્ર)

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એસસી.

(ગણિત,આંકડાશાસ્ત્ર,ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર,બાયોલોજી,બોટની,ઝુઓલોજી,ભૂસ્તરશાસ્ત્ર)

તાલીમી લાયકાત:- બી.એડ.(એક વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઈન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) વિજ્ઞાન પ્રવાહમાં ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એસસી એજ્યુકેશન. (B.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એસસી.

(ગણિત,આંકડાશાસ્ત્ર,ભૌતિકશાસ્ત્ર,રસાયણશાસ્ત્ર,બાયોલોજી,બોટની,ઝુઓલોજી,ભૂસ્તરશાસ્ત્ર)

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ-૧૧૧૨-સીંગલ ફાઈલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ ની જોગવાઈ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET-II - ગણિત/વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઈશે.

(બ) ભાષાઓના વિદ્યાસહાયક:

{1} શૈક્ષણિક લાયકાત:- બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી, હિન્દી,સંસ્કૃત)

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ.

તાલીમી લાયકાત:- બી.એડ.(એક વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ. (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત) એજ્યુકેશન. (B.A.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ./બી.આર.એસ./બી.એસ.એસસી (અંગ્રેજી,ગુજરાતી,હિન્દી,સંસ્કૃત)

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઇલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ ની જોગવાઇ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ-TET-II - ભાષાઓ) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઇશે.

<u>(ક) સામાજિક વિજ્ઞાનના વિદ્યાસહાયક:</u>

{1} શૈક્ષણિક લાયકાત:-બી.એ (ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઇતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)

તાલીમી લાયકાત:- પી.ટી.સી./D.EL.Ed (બે વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૪૫ ટકા ગુણ સાથે બી.એ (ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.આર.એસ.( ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)/બી.એસ.એસસી.(ઇતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)

તાલીમી લાયકાત:- બી.એડ.(એક વર્ષ)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બેચલર ઇન એલીમેન્ટરી એજ્યુકેશન (B.El.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ધોરણ-૧૨ (એચ.એસ.સી) ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ

તાલીમી લાયકાત:- ચાર વર્ષીય બી.એ.(ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઇતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) એજ્યુકેશન. (B.A.Ed/B.Com.Ed/B.R.S.Ed/B.S.Sc.Ed)

અથવા

શૈક્ષણિક લાયકાત:- ઓછામાં ઓછા ૫૦ ટકા ગુણ સાથે બી.એ.(ઇતિહાસ,ભૂગોળ,નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.કોમ.(અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.આર.એસ.(ઇતિહાસ, ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે) /બી.એસ.એસસી.(ઇતિહાસ,ભૂગોળ, નાગરિકશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, તથા અર્થશાસ્ત્ર વિષય સાથે)

તાલીમી લાયકાત:- એક વર્ષીય બી.એડ.(સ્પેશીયલ એજ્યુકેશન)

(૨) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૨-સીંગલ ફાઇલ- ૭-ક તા.૨૬/૦૪/૨૦૧૨ અને તા.૨૮/૦૪/૨૦૧૬ ની જોગવાઇ મુજબ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ- TET-II – સામાજિક વિજ્ઞાન) ૬૦ ટકા ગુણ સાથે અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલી હોવી જોઇશે.

## ❖ નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ વિદ્યાસહાયક

(૧) શૈક્ષણિક લાયકાત: ઓછામાં ઓછી એચ.એસ.સી. પાસ

(૨) તાલીમી લાયકાત: (ક) પી.ટી.સી./ D.El.Ed (બે વર્ષ)

અથવા

(ખ) ચાર વર્ષની એલીમેન્ટરી એજ્યુકેશનની ડીગ્રી (B.El.Ed)

(ગ) બે વર્ષનો ડિપ્લોમાં ઇન એજ્યુકેશન (સ્પેશીયલ એજ્યુકેશન)

(૩) આ વર્ગ માટે નિયત થયેલ શિક્ષક યોગ્યતા પરીક્ષા (ટીચર એલીજીબીલીટી ટેસ્ટ TET-I ) ૬૦ ટકા ગુણ સાથે, અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક પછાત વર્ગ તથા વિકલાંગના કિસ્સામાં ૫૫ ટકા ગુણ સાથે પાસ કરેલ હોવી જોઇશે.

## પગાર ધોરણ:

- વિદ્યાસહાયકને પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિમાસ રૂ.૧૯૯૫૦/- નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ-૧, તા.૧૮/૦૧/૨૦૧૭ મુજબ નક્કી કરેલા ફિક્સ પગાર પર અને સેવાઓની શરતોમાં કરેલ સુધારા મુજબના લાભ મળવાપાત્ર થશે. પાંચ વર્ષના અંતે તેમની સેવાઓ નિમાણૂંક સત્તાધિકારીને સંતોષકારક જણાશે તો, સરકારના નિયમાનુસાર જે તે જગ્યા માટે વખતો-વખત નિયત કરેલ પગાર-ધોરણમાં સમાવવામાં આવશે.

## વયમર્યાદા:

- શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક;પીઆરઇ/૧૧૧૦/૨૨૩-ભાગ-૨/ક, તા.૨૧/૦૪/૨૦૧૬ મુજબ
  - નિમ્ન પ્રાથમિક ધોરણ ૧ થી ૫ વિદ્યાસહાયક માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૩ વર્ષ
  - ઉચ્ચ પ્રાથમિક ધોરણ ૧ થી ૫ વિદ્યાસહાયક માટે લઘુત્તમ વર્ય મર્યાદા ૧૮ વર્ષ અને મહત્તમ વય મર્યાદા ૩૫ વર્ષ

## વયમર્યાદામાં છુટછાટ:

- મૂળ ગુજરાતના હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- સામન્ય વહીવટ વિભગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવની જોગવાઇ મુજબ મહિલા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે.

- ૪૦ ટકા કે તેથી વધુ અપંગતા ધરાવતા ઉમેદવારોને ઉપલી વયામર્યાદા ૧૦ (દસ) વર્ષની વધારાની છુટછાટ મળશે.
- માજી.સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ,વાયુ અને ભૂમિ આર્મ ફોર્સીસમાં ઓછામાં ઓછા ૬ માસની સેવા કરી હોય અને માજી.સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખપત્ર/પ્રમાણપત્ર ધરાવતા હોય તો મળવાપાત્ર ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ૩ (ત્રણ) વર્ષ સુધીની છુટછાટ મળશે.
- નોંધ:- તમામ કેટેગરીના ઉમેદવારોની ઉપલી વયમર્યાદા નિયમ અનુસાર મળવાપાત્ર છુટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગેમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

## <u>સામાન્ય સુચનાઓ:</u>

{1} સ્નાતક તથા અનુસ્નાતક કક્ષાની ડીગ્રી યુ.જી.સી. દ્વારા માન્ય કરેલી યુનિવર્સિટીમાંથી મેળવેલ હોવી જોઇએ.

{2} પી.ટી.સી./D.El.Ed ની લાયકાત ધરાવતા ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ,ગાંધીનગર દ્વારા લેવાયેલી પી.ટી.સી./D.El.Edની પરીક્ષા પાસ કરેલી હોવી જોઇશે.

{3} ઉમેદવારે પી.ટી.સી./D.El.Ed/બી.એડ./ચાર વર્ષીય B.El.Ed. ની પરીક્ષા નેશનલ કાઉન્સીલ ફોર ટીચર એજ્યુકેશન દ્વારા માન્ય સંસ્થામાંથી જ પાસ કરેલી હોવી જોઇએ.

{4} રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા D.El.Ed.ની લાયકાતવાળા ઉમેદવારોએ પ્રાપ્ત ગુણ તરીકે ‘marks for merit’ ગણતરીમાં લેવાના રહેશે. એટલે કે ૫૦૦+૧૦૦=૬૦૦ માંથી મેળવેલ ગુણ ગણવાના રહેશે.

{5} બે વર્ષીય D.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) અને B.Ed (સ્પેશીયલ એજ્યુકેશન) Rehabilitation Council of India (RCI) દ્વારા માન્ય અભ્યાસક્રમને વિચારણામાં લેવામાં આવશે.

{6} એન.સી.ટી.ઇ નવી દિલ્હી, તા.૧૦/૦૬/૨૦૧૧ ના જાહેરનામા અન્વયે અનામત કક્ષાના ઉમેદવારોને શૈક્ષણિક લાયકાતમાં પાંચ (૫) ટકાની છુટછાટ મળવાપાત્ર થશે.

{7} ઉમેદવારે જો ટેટની પરીક્ષા એક કરતા વધુ વખત આપેલ હોય તો ઉમેદવાર ટેટ (TET-II) ની જે માર્કશીટ રજૂ કરશે તેને માન્ય રાખવામાં આવશે.

{8} ઉમેદવારે ખોટી માહિતી રજૂ કરેલ હશે તો ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

{9} અરજી ફોર્મ સાથે શૈક્ષણિક લાયકાતના જરૂરી તમામ વર્ષ/સેમેસ્ટરના ગુણપત્રકો ટ્રાયલ પ્રમાણપત્રોની એક-એક પ્રામાણિત નકલ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની એક-એક પ્રામાણિત નકલ સામેલ કરવાની રહેશે.વધુમાં, સ્વીકાર કેન્દ્ર ઉપર અરજી જમા કરાવતી વખતે જેની પ્રામાણિત નકલો અરજી સાથે રજૂ કરી છે તેના અસલ પ્રમાણપત્રો ખરાઇ કરવા માટે ફરજિયાતપણે રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી સ્વીકારવામાં આવશે નહી. જે પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોના ગુણપત્રકની પ્રામાણિત નકલો અવશ્ય સામેલ રાખવાની રહેશે. અનુસ્નાતકના કિસ્સામાં ઉમેદવારોએ અનુસ્નાતક (એમ.એસસી., એમ.કોમ., એમ.એ., એમ.આર.એસ.) ની પરીક્ષા પાસ કર્યાની માર્કશીટની પ્રામાણિત નકલ અવશ્ય સામેલ કરવી.

{10} અનુસૂચિત જાત, અનુસૂચિત જનજાતિ તેમજ સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ અનામતનો લાભ મેળવવા માટે ગુજરાત સરકારના અધિકૃત અધિકારીનું જાતિ વિષયક પ્રમાણપત્ર માન્ય ગણાશે. આવા ઉમેદવારોને સબંધિત અનામત કક્ષાની જગ્યાઓ માટે ઠરાવની જોગવાઇ મુજબ ગુણ અને ઉંમરમાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

{11} અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેના સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ અવશ્ય સામેલ રાખવાની રહેશે.

{12} સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ તેઓનો "ઉન્નત વર્ગમાં સમાવેશ થતો નથી" તે મતલબનું તા.૦૧/૦૪/૨૦૧૬ કે તે પછીનું કે તા.૨૮/૦૬/૨૦૧૮ સુધીમાં મેળવેલ સક્ષમ સત્તાધિકારીનું નમુનામાં પ્રમાણપત્ર મેળવી તેની પ્રમાણિત નકલ અરજી સાથે રજૂ કરવાની રહેશે.

{13} શારીરિક અશક્તતા ધરાવતા ઉમેદવારોએ શારીરિક અશક્તતા અંગેના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રની પ્રમાણિત નકલ રજૂ કરવાની રહેશે. શારીરિક વિકલાંગતા ધરાવતા ઉમેદવારો સ્વતંત્ર રીતે વર્ગ શિક્ષણ કાર્ય કરી શકવા સક્ષમ હોવા જોઈએ.

{14} ઉમેદવારે જે સંસ્થામાંથી પી.ટી.સી.ની તાલીમ મેળવી હોય તે સંસ્થાને એન.સી.ટી.ઇ ભોપાલની માન્યતા મળેલ છે તે મતલબનું પ્રમાણપત્ર ( માન્યતા નંબર, તારીખ સહિત) ઉમેદવારે સંબંધિત સંસ્થા પાસેથી મેળવીને રજૂ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર રજૂ ન કરનાર ઉમેદવારનું ફોર્મ આપોઆપ રદ થશે.

{15} સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૫/૦૭/૨૦૦૮ ના પરીપત્ર નં પીઆરઈ/૧૧૦૮/૮૧૪/ક ની જોગવાઈ મુજબ વિદ્યાસહાયક ભરતીમાં રમત-ગમત પ્રમાણપત્રોના આધારે મળતા ગુણ મેરીટમાં ધ્યાને લેવામાં આવશે નહિ.

{16} બિન અનામત ઉમેદવારો માટે અરજી ફી ૨૦૦/- (અંકે રૂપિયા બસ્સો પુરા) તથા અનુ.જાતિ, અનુ.જનજાતિ,સા.શૈ.પછાત વર્ગના ઉમેદવારો માટે અરજી ફી ૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) રહેશે.જે ઉમેદવારે અરજીપત્ર સબમીટ કરાવતાં સ્વીકાર કેન્દ્ર પર રોકડેથી ભરવાના રહેશે. તે સિવાય અરજીપત્ર ગ્રાહ્ય રહેશે નહિ.

{17} શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:જીએચ/એસએચ/પીઆરઈ/૧૧૨૦૧૦/ એસએફ/૩૪/કે, તા.૨૦/૧૦/૨૦૧૬ અન્વયે હલન-ચલનની ખામી ધરાવતા (OA, OL, OAL) અને અલ્પદ્રષ્ટિ (LV) ની ખામી ધરાવતા ઉમેદવારોને વિદ્યાસહાયકની ફરજોને અનુરૂપ ગણેલ છે.ઓછી દ્રષ્ટિ એ મોડરટ કક્ષાની ( એટલે કે ૪૦ ટકા કે તેથી વધુ) અશક્તતાવાળા ઉમેદવારો લાયક ગણાશે.

{18} વિદ્યાસહાયક ભરતી સંબંધી તમામ સુચનાઓ/વિગતો વખતો-વખત વેબસાઈટ પરથી જોવા મળી શકશે. ઉમેદવારોએ વિદ્યાસહાયક ભરતી અંગેની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી સતત વેબસાઈટ જોતા રહેવું.

{19} અરજી પત્રકમાં તમારો મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો.અને તે નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો જરૂરી છે.

{20} ઉમેદવારે તેમના અરજી પત્રકમાં તેમનું ઈ-મેઈલ એડ્રેસ દર્શાવવાનું રહેશે. જેથી અનિવાર્ય સંજોગોમાં જરૂર પડ્યે ઉમેદવારને માહિતી/સુચના મોકલી શકાય.ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી ઈ-મેઈલ જોતા રહેવું.

{21} ઉમેદવાર પોતે આખરી પસંદગીમાં સમાવિષ્ટ થવા માત્રથી સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહી.

{22} વિદ્યાસહાયક ભરતી પ્રક્રિયામાં આખરી પસંદગી પામેલ ઉમેદવારની નિમણુંક સત્તાધિકારી ઠરાવે તે શરતો ને આધિન રહેશે.

{23} વિદ્યાસહાયક ભરતીની પ્રક્રિયાના અનુસંધાને આ જાહેરાત કોઈપણ કારણોસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની કે જગ્યાઓની સંખ્યામાં વધ-ઘટ કરવાની આવશ્યકતા જણાશે તો તેમ કરવાનો ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ/પ્રાથમિક શિક્ષણ નિયામકને સંપૂર્ણ હક્ક/અધિકાર રહેશે.

{24} પસંદગી યાદી તૈયાર કરવાની ગુણાંકન પધ્ધતિ માટે શિક્ષણ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૧ નો ઠરાવ તથા તા.૦૩/૦૫/૨૦૧૨ તથા ૧૮/૦૫/૨૦૧૨ ના સુધારા ઠરાવો પણ વેબસાઈટ ઉપર જોવા મળશે.

{25} એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરનાર ઉમેદવારના કિસ્સામાં શિક્ષણ વિભાગના તા.૨૦/૦૧/૨૦૧૭ના જાહેરનામાના ક્રમાંક: જીએચ/એસએચ/૦૨/પીઆરઈ/૧૧-૨૦૧૬/ એસએફ-૮/કે ના ૮ (૨) મુજબ કોઈપણ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અથવા વ્યવસાયિક લાયકાતની અંતિમ પરીક્ષા એક કરતાં વધુ પ્રયત્ને પસાર કરેલ હોય તો,

એ. જો ઉમેદવાર પ્રથમ અથવા બીજા પ્રયત્ને અથવા કોઈપણ પ્રયત્ને નાપાસ થયેલ હોય અને જ્યારે છેલ્લે જે પરીક્ષા આપી હોય તેમાં બધા જ વિષયોની પરીક્ષા આપી હોય અને પાસ થયેલ હોય તો તેનો એક જ પ્રયત્ન ગણવો અને કુલ ગુણમાંથી મેળવેલ ગુણ અને ટકાને ધ્યાનમાં લેવાના રહેશે.

બી. જો ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને અંતિમ ડીગ્રી પરીક્ષા પાસ કરી હોય અને વિષય મુક્તિ મેળવેલ હોય તે દરેક પ્રયત્નના કુલ ગુણનો સરવાળો અને તેમણે મેળવેલ ગુણમાંથી ટકાવારી કાઢી જે તે ટકાને ધ્યાને લઈ મેરીટ નક્કી કરવામાં આવશે.

સી. જો કોઈ ઉમેદવારે એક કરતાં વધુ પ્રયત્ને પરીક્ષા પાસ કરી હોય અને તેવી પરીક્ષામાં યુનિવર્સિટી દ્વારા આંતરિક મૂલ્યાંકન અને પ્રેક્ટીકલની પરીક્ષા ફરીથી લેવામાં આવતી ન હોય અને પ્રથમ પ્રયત્ન વખતે મેળવેલ આંતરિક મૂલ્યાંકન અથવા પ્રાયોગિક પરીક્ષા/પાઠમાં મેળવેલ ગુણને જ ધ્યાને લેવાતા હોય તેવા કિસ્સામાં વધારાના પ્રયત્નો વખતે ગુણાંકન કરતી વખતે આવા મૂલ્યાંકનના ગુણ દર્શાવેલ હોય તો તેને ધ્યાને ન લેતાં ફક્ત વાસ્તવિક પરીક્ષા આપી હોય તેટલાં જ વિષયના કુલ ગુણ અને મેળવેલ અને પ્રથમ વખતે મેળવેલ આંતરિક ગુણાંકન કે પ્રાયોગિક પરીક્ષા/પાઠના ગુણોને ધ્યાને લેવાના રહેશે.

{26} શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તથા અન્ય પ્રમાણપત્રો માટે તા.૨૮/૦૬/૨૦૧૮ (CUT-OFF DATE) ધ્યાને લેવાશે. આ CUT –OFF DATE બાદ મેળવેલ કોઈપણ પ્રમાણપત્રો, શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહી.

{27} ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ ઠરાવો અને નિયમોનો પુરેપુરો અભ્યાસ કરી ઉમેદવારી પત્રક ભરવાનું રહેશે.જે અંગે પાછળથી કોઈ રજૂઆતને ધ્યાને લેવામાં આવશે નહિ.

{28} ઉમેદવારે ફી ભરી જિલ્લા સ્વીકાર કેન્દ્રમાં જમા કરાવેલ અરજીપત્રની ઝેરોક્ષ નકલ અને ફી ભર્યાની પાવતી પોતાની પાસે સાચવી રાખવાની રહેશે.

{29} ફાઈનલ મેરીટ પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે ઉમેદવારે પોતાનું મેરીટ જોઈ તેની એક પ્રિન્ટ કાઢી લેવાની રહેશે.

{30} ભરતી સંદર્ભે અથવા મેરીટ સંદર્ભે કોઈ પણ રજૂઆત કરવાની થાય ત્યારે રજૂઆત સાથે અરજીપત્રની નકલ, ફી ભર્યાની પાવતીની નકલ તથા ઉમેદવારનો મેરીટ નંબર અને મેરીટની નકલ અવશ્ય સામેલ કરવાની રહેશે.

{31} અન્ય માધ્યમના વિદ્યાસહાયકો માટે જાહેરાતમાં દર્શાવેલ કેટેગરીના ઉમેદવારો ઉપલબ્ધ નહિ થાય તો આ જગ્યાઓ નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારોથી શિક્ષણ વિભાગના ક્રમાંક;પીઆરઈ/૧૧૧૫/સીસી-૧૩૯-ક,તા.૦૮/૧૨/૨૦૧૫ ના પત્ર સંદર્ભે સા.વ.વિભાગના તા.૧૬/૦૩/૧૯૯૬ના ઠરાવક્રમાંક-પવસ/૧૦૯૩/મ-૧૭(ભાગ-૨)-ગ-૪ ના ફકરા-૨ ની જોગવાઈને આધીન ભરવામાં આવશે. આ ભરતી માટે નિયત લાયકાત ધરાવતા બિન અનામત ઉમેદવારો ઉમેદવારીપત્રો ભરી શકશે.

આવી કન્વર્ટ થયેલી બિન અનામતથી ભરવાની થતી જગ્યાઓમાં જો અન્ય કેટેગરીના ઉમેદવારો જનરલ મેરીટ યાદીમાં ઉપલબ્ધ હોય ત્યારે બિન અનામત તરીકેના ઉમેદવાર માટે નિયત થયેલ લાયકાત ધરાવતા હશે તેવા ઉમેદવારોને લાભ મળવાપાત્ર થશે.

{32} હાલ જિલ્લા/નગર શિક્ષણ સમિતિમાં નિમ્ન પ્રાથમિ/ ઉચ્ચ પ્રાથમિકમાં ફરજ બજાવતાં હોય તેવા વિદ્યાસહાયક/શિક્ષક નિમણૂંક લીધા બાદ ત્રણ વર્ષની અંદર આ ભરતીમાં પોતે જે સંવર્ગમાં ફરજ બજાવે છે તે સંવર્ગમાં અરજી કરવા માંગતા હોય તેવા ઉમેદવારોએ શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:પીઆરઈ/૧૧૨૦૧૭/સીંગલ ફાઈલ-૯/ક, તા.૨૨/૦૩/૨૦૧૭ મુજબ નિમણૂંક સત્તાધિકારીનું એન.ઓ.સી. મેળવ્યા બાદ અરજી કરવાની રહેશે. એન.ઓ.સી. મેળવનાર ઉમેદવારોએ રાજીનામુ મંજૂર કરાવેલ હશે તો જ જિલ્લા પસંદગી માટે પાત્ર ગણાશે. એન.ઓ.સી. મેળવ્યા સિવાય અરજી કર્યાની બાબત સમિતિના ધ્યાન ઉપર આવશે તો અરજી રદ થવાને પાત્ર રહેશે.

{33} સ્નાતક,અનુસ્નાતક અને બી.એડ્ની લાયકાતમાં યુનિવર્સિટીએ માર્કશીટમાં માત્ર CGPA (ગ્રેડ પોઈન્ટ) દર્શાવેલ હોય તેવા ઉમેદવારોએ જે યુનિવર્સિટીમાંથી લાયકાત મેળવેલ હોય તે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાંથી કુલ ગુણ અને તેમાંથી મેળવેલ ગુણનું પ્રમાણપત્ર મેળવી તે મુજબના ગુણ ઓન-લાઈન અરજીપત્રકમાં ભરવા અને મેળવેલ પ્રમાણપત્રની નકલ અરજી ફોર્મ સાથે અવશ્ય સામેલ કરવી. અથવા યુનિવર્સિટીની ફોર્મુલા મુજબ કન્વર્ટ કરી ગુણ ભરવા.

{34} ભરતી સબંધિત જરૂરી ઠરાવો, માહિતી અને સુચનાઓ વેબસાઈટ ઉપર જોવા મળશે.

# અરજી પત્રક ઓન-લાઈન ભરવા માટેની સુચનાઓ:

1. વિદ્યાસહાયક ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ www.vidyasahayakgujarat.org ઉપર ઓન-લાઈન તા.૧૮/૦૬/૨૦૧૮ સવારના ૧૧:૦૦ કલાકથી તા.૨૮/૦૬/૨૦૧૮ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.ઓન-લાઈન અરજી ફોર્મ કોઇ પણ કમ્પ્યુટર કે જેની સાથે ઇન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ હોય તે ઉપરથી ભરી શકાશે.
2. અંગ્રેજી અને હિન્દી માધ્યમની ખાલી જગ્યાઓ માટે ગુજરાત રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ ટેટ પરીક્ષા પસાર કરેલ હોય તે જ ઉમેદવારો 'ઓનલાઇન' અરજી કરી શકશે.
3. અંગ્રેજી અને હિન્દી માધ્યમ સિવાયના ઉમેદવારોએ કે જેઓએ CTET અને અન્ય રાજ્યમાંથી જે તે માધ્યમની ટેટ પરીક્ષા પસાર કરેલ હોય તે માધ્યમ માટે ઉમેદવારોએ અરજી પત્રક ભરતા પહેલા ટેટ પરીક્ષાનું રજીસ્ટ્રેશન કરવાનું રહેશે અને ત્યાર બાદ તેઓ પોતાનું અરજી પત્રક ભરી શકશે.
4. TET-I પરીક્ષાનો તમારો સીટ નંબર ટાઇપ કરી અને પરીક્ષાની તારીખ પસંદ કરો પછી CONTINUE બટન ઉપર ક્લીક કરો જેથી તમારું TET-I Result દેખાશે.ત્યાર બાદ CONTINUE બટન ઉપર ક્લીક કરતાં અરજી પત્રક ખુલશે.
5. અરજીપત્રક ભરતા પહેલા વેબસાઇટ ઉપર મુકવામાં આવેલ ઉમેદવારો માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.
6. સ્વીકાર કેન્દ્રની યાદી વેબસાઇટ www.vidyasahayakgujarat.org ઉપર મુકવામાં આવેલ છે. ઓન-લાઈન અરજી પત્રકની વિગતો કોલમ મુજબ ક્રમશ: ભરી Submit કરી સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ PRINT કરી લેવું.
7. અરજી પત્રકમાં નિયત જગ્યાએ અરજદારે સહી કરવી. આ અરજી પત્રક રાજ્યના નક્કી કરેલ સ્વીકાર કેન્દ્ર ઉપર જરૂરી અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રો સાથે ચકાસણી કરાવી, નિયત કરેલ ફી ભરી, સહી કરેલી પહોંચ જરૂરથી મેળવવી, અને સ્વીકાર કેન્દ્ર મારફ્ત અરજી પત્રક Final Submit કરાવવું. Final Submit થયા સિવાયનું કોઇપણ અરજી પત્રક ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
8. અરજી પત્રક Final Submit કર્યા બાદ સ્વીકાર કેન્દ્ર દ્વારા આપવામાં આવેલ પહોંચ સાચવવી,અને પસંદગી સમયે અચુક સાથે લાવવી
9. સ્વીકાર કેન્દ્ર અથવા ભરતી કાર્યાલયની કચેરીએ ટપાલ કે કુરીયર મારફતે અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. રજૂ થયેલ અરજીપત્રો રદ ગણાશે.
10. ઓન-લાઈન ભરેલું ફોર્મ કમ્પ્યુટર ઉપર SAVE કર્યા પછી તે માહિતી ઓન-લાઈન ચકાસી લેવી.ભરેલા ફોર્મમાં કોઇપણ ફેરફાર કરવો હોય તો EDIT ની મદદથી ઓન-લાઈન સુધારા કરવા.તે પછી ફોર્મ SUBMIT કરવાનું રહેશે. SUBMIT કર્યા પછી ફોર્મમાં કોઈ સુધારો થઈ શકશે નહિ.
11. ફોર્મ SUBMIT કર્યા પછી અરજી પત્રકની પ્રિન્ટ કરેલી કોપી નક્કી કરેલ સ્વીકાર કેન્દ્રો ઉપર તા.૧૮/૦૬/૨૦૧૮ થી તા.૨૮/૦૬/૨૦૧૮ (રવિવાર સિવાય) સુધી રૂબરૂમાં સવારના ૧૧:૦૦ કલાકથી સાંજના ૫:૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે. પ્રિન્ટ કરેલા ફોર્મમાં કોઈપણ જાતના સુધારા-વધારા કે છેકછાક કરેલા ફોર્મનો સ્વીકાર કરાશે નહિ. આમ છતાં જો કોઇ સુધારો કરવાની જરૂર જણાય તો કામ-ચલાઉ મેરીટ યાદી પ્રસિધ્ધ થયા બાદ સુધારો કરી શકાશે.

તા.૧૬/૦૬/૨૦૧૮
સ્થળ:-ગાંધીનગર
જાહેરાત ક્રમાંક.વિસભ:૦૧-૦૨/૨૦૧૮-૧૯

ડૉ. એમ.આઇ.જોષી
અધ્યક્ષ
ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને
પ્રાથમિક શિક્ષણ નિયામક,
ગુજરાત રાજ્ય ગાંધીનગર.